૯

ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૬૯/૧૮-૧૯/ 3540 તારીખ: 24 AUG 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી મનસુખભાઈ પરશોતમભાઈ માણીયા,
મુ.માંડવા, તા.ગઢડા,
જી.બોટાદ.
મો.૯૪૨૮૮ ૭૩૫૦૩.

| કેસ નં.: ૬૯/૧૮-૧૯ |
|---|

**વિષય: બીજાનું ખેતીવાડી વીજ જોડાણ અમારી વાડીમાંથી લેવા બાબત.**

**સંદર્ભ:** (૧) આપનો પત્ર તા.૨૯-૦૬-૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૯/૧૮-૧૯/૨૯૮૭ તા.૦૪/૦૭/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૧૮-૧૯/૩૨૨૭ તા.૧૯/૦૭/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૬/૦૭/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

OK

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ગઢડા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ઢસા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૬૯/૧૮–૧૯ ☜

વાદી :– શ્રી મનસુખભાઈ પરશોતમભાઈ માણીયા

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખ:– ૨૬/૦૭/૨૦૧૮ ◈

હાજર રહયા :– શ્રી મનસુખભાઈ પરશોતમભાઈ માણીયા (વાદીશ્રી પોતે)

પ્રતિવાદી :– શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી મનસુખભાઈ પરશોતમભાઈ માણીયા, મુ.માંડવા, તા.ગઢડા, જી.બોટાદ ની બીજાનું ખેતીવાડી વીજ જોડાણ તેઓની વાડીમાંથી લેવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૯ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૬૯/ ૧૮–૧૯/ ૨૯૮૭ તા.૦૪/૦૭/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૬/૦૭/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી મનસુખભાઈ પરશોતમભાઈ માણીયા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો, અરજદારશ્રી મનસુખભાઈ પરશોત્તમભાઈ માણીયા, મુ.માંડવા તા.ગઢડા જી.બોટાદ,એ તા.૨૯.૦૬.૨૦૧૮નાં રોજ બીજાનું ખેતીવાડી વીજ જોડાણ અમારી વાડીમાંથી લેવા માટે ઢસા પે. વિ. કચેરીએ વાંધા અરજી કરેલ.

૧.૨ અરજદાર શ્રી મનસુખભાઈ પરશોત્તમભાઈ માણીયા મુ.માંડવા ના રેવન્યુ સર્વે નંબર ૯૦ પૈકી ૯ માં પીજીવીસીએલ નું મીટર ટેરીફ વાળું ખેતીવાડી વીજ કનેક્શન જેના ગ્રાહક નંબર ૩૭૯૧૩/૦૩૧૮૩/૨ થી ધરાવે છે.

૧.૩ જેના ટી.સી. ની બાજુમાં અમોએ હાલમાં ડ્રીપ ઈરીગેશન માટે ઓરડીનું બાંધકામ ચાલુ છે પરંતુ અમોની બાજુમાં આવેલ માંડવા ગામના શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ સિહોરા ના નામે વીજ કનેક્શન હાલ મંજુર થયેલ હોય જે વીજ કનેક્શન અમોના ટી.સી. તથા ઓરડી ઉપરથી જોડાણ આપવા માટે પી.જી.વી.સી.એલ. કચેરી ઢસા દ્વારા સર્વે કરવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

..❷..

૧.૪ જેમાં અમોને સંપૂર્ણપણે વાંધો રહેલ છે અને હાલ અમોની ઓરડીનું બાંધકામ ચાલુ હોય ત્યાં મજુરો કામ કરતા હોય અમો ફરિયાદી ખેતીવાડીનું કામ કરતા હોય અને હાલ ચોમાસાની સીઝન ચાલુ હોય જેથી શોર્ટ સર્કિટ થવાની અને જાનહાની તથા ગંભીર અકસ્માત થવાની સંપૂર્ણ સંભાવના રહેલ છે જે અંગે અમોને નાયબ ઈજનેર સાહેબશ્રી પી.જી.વી.સી.એલ. કચેરી ઢસામાં લેખિતમાં વાંધા અરજી તા.૨૯.૦૬.૨૦૧૮ ના રોજ આપેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ સિહોરા મુ.માંડવા તા.ગઢડા જી.બોટાદ રેવન્યુ સર્વે નંબર ૮૯ પૈકી ૩ માં નવા ખેતીવાડી કનેક્શન ની માંગણી તા.૦૧.૦૧.૨૦૧૫ ના રોજ એસ પી એ યોજના હેઠળ કરવામાં આવેલ.

૨.૨ આ વીજ કનેક્શનનો ક્રમાઅનુસાર વારો આવતા તેનો સર્વે શ્રી મનસુખભાઈ પરશોત્તમભાઈ માણીયા ના હયાત ખેતીવાડી વીજ કનેક્શન માટે ઉભા થયેલ હયાત ટ્રાન્સફોર્મર પરથી નવી ભારે દબાણની વીજ લાઈન ૧૭૦ મીટર ઉભી કરવા માટેનો સર્વે કરેલ.

૨.૩ તેમજ અરજદાર શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ સિહોરા દ્વારા અંદાજપત્ર તા.૧૭.૦૫.૨૦૧૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ. આ નવા ખેતીવાડી વીજ જોડાણ માટે વીજ પોલ ઉભા કરવા કોન્ટ્રકટરના માણસો તા.૨૮.૦૬.૨૦૧૮ ના રોજ સ્થળ ઉપર ગયેલ પરંતુ શ્રી મનસુખભાઈ પરશોત્તમભાઈ માણીયા દ્વારા આ લાઈનનું કામ અટકાવેલ.

૨.૪ ત્યારબાદ શ્રી મનસુખભાઈ પરશોત્તમભાઈ માણીયા મુ.માંડવા તા.ગઢડા જી.બોટાદ,એ તા.૨૯.૦૬.૨૦૧૮નાં રોજ બીજાનું ખેતીવાડી વીજ જોડાણ અમારી વાડીમાંથી લેવા માટે ઢસા પે. વિ. કચેરીએ વાંધા અરજી કરેલ.

૨.૫ જેથી ઢસા પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર (આર.ઈ) શ્રી પી. વી. સિંધવ રૂબરૂ સ્થળ ઉપર ગયેલ અને તેઓએ સ્થળ પરનું રોજકામ કરેલ. આ રોજકામમાં તેઓએ સ્પષ્ટ દર્શાવેલ કે આ નવી ઉભી થતી વીજ લાઈન વાંધો લેનાર શ્રી મનસુખભાઈ પરશોત્તમભાઈ માણીયા ના હયાત મકાન થી દુર આવેલ છે અને નવી ઉભી થતી લાઈન નીચે કોઈ પણ જાતની ઓરડીનું બાંધકામ કરેલ નથી.

૨.૬ તેઓ દ્વારા વધુ તપાસ કરતા આ બાબતે જણાયેલ કે શ્રી મનસુખભાઈ પરશોત્તમભાઈ માણીયાને તેઓના શેઢા પાડોશી શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ સિહોરા સાથે આંતરિક વિવાદ હોવાના કારણે આ લાઈનનું કામ તેઓએ અટકાવેલ છે.

૨.૭ જેથી નાયબ ઈજનેર ઢસા પે. વિ. કચેરી દ્વારા પત્ર ક્રમાંક નંબરઃ ડીએસડી/ટેક/૭૩૫૩ તા.૦૭.૦૭.૨૦૧૮ થી શ્રી મનસુખભાઈ પરશોત્તમભાઈ માણીયાની આ વાંધા અરજી માન્ય રાખવામાં આવતી નથી તેવી લેખિત માં જાણ કરેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર મનસુખભાઈ પરશોતમભાઈ માણીયા, ગામ–માંડવા એ ખેતીવાડી વીજ જોડાણનાં અરજદાર ગોવિંદભાઈ મનજીભાઈ શીહોરાને પીજીવીસીએલ / પ્રતિવાદી તરફથી નાખવામાં આવતી લાઈન અંગે વાંધો લીધેલ છે અને તે સબબ ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ એ ગામ માંડવા માં સ.નં.૮૯/૩ માં તા.૧–૧–૧૫ ના રોજ ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ તેના માટે પ્રતિવાદી ધ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર ગોવિંદભાઈ ધ્વારા તા.૧૭–૫–૧૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ.



Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૩ ગોવિંદભાઈ કે જેઓ વીજ જોડાણ નાં અરજદાર છે તેઓને વીજ જોડાણ આપવા માટે વાદી અરજદાર મનસુખભાઈની જમીનમાં આવેલ ટ્રાન્સફોર્મર ઉપરથી લાઈન ટેપીંગ કરી ગોવિંદભાઈને પ્રતિવાદી દ્વારા વીજ જોડાણ આપવાનું થતું હોઈ, જયારે પ્રતિવાદીનાં માણસો લાઈન કામ માટે જતાં વાદી અરજદાર દ્વારા વાંધો ઉઠાવી કામને રોકેલ.

૩.૪ આજરોજ ફોરમ સમક્ષ વાદી તથા પ્રતિવાદી બંને દ્વારા મનસુખભાઈની જગ્યાનાં ફોટા રજુ કરેલ છે.

૩.૫ વાદીની રજુઆત મુજબ તેની જગ્યામાં આવેલ ટ્રાન્સફોર્મર પાસે અને લાઈન નીચે તેઓ ભવિષ્યમાં ઓરડી બનાવવા માંગે છે તેથી તેઓએ વાંધો લીધેલ છે.

૩.૬ વાદી દ્વારા ફોરમને થયેલ રજુઆત જોતાં વાદી અરજદાર સદર કેસમાં કોઈ વીજ જોડાણનાં અરજદાર નથી કે તેઓના પોતાના કોઈ પ્રશ્ન ફોરમને રજુ કરેલ નથી. તેમજ ફોટોગ્રાફસ અને વાદી, પ્રતિવાદી બન્નેની રજુઆત જોતાં વાદીનો વાંધો અસ્થાને છે અને વાંધા માટે કોઈ વ્યાજબી કારણ ફોરમને જણાતું નથી.

-:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ હુકમ કરવામાં આવે છે કે **“ નં.૩.૬ મુજબ વાદીની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી. પ્રતિવાદીએ શ્રી ગોવિંદભાઈ મનસુખભાઈને વીજ જોડાણ આપવા માટે નિયમસર યોગ્ય કાર્યવાહી કરવી અને વીજ જોડાણ આપવું.”**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :-૨૬/૦૭/૨૦૧૮

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.